ચાર્જશીટ દાખલ કર્યા તારીખ:- ૧૬/૦૨/૨૦૨૬
કમીટ કર્યા તારીખ:- ૨૧/૦૫/૨૦૨૬

**ડાકોરના મહે.જિયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,મુ.ડાકોર**

ક્રિમિનલ કેસ નં.**૮૧/૨૦૨૬**

આંક:-

**ફરીયાદી** :- શ્રી સરકાર,

<u>વિરુધ્ધ</u>

**આરોપી** :- (૧) ધ્યેય ઉર્ફે ઓમ યોગેશભાઈ ઉર્ફે બચ્ચન શાંતીભાઈ પટેલ,
ઉ.વ.૨૦,ધંધો.અભ્યાસ,
રહે. નવા મુવાડા,તા.કપડવંજ,જી.ખેડા,

(૨) યોગેશભાઈ ઉર્ફે બચ્ચન શાંતીલાલ પટેલ,
ઉ.વ.૪૪,ધંધો.ખેતી,
રહે. નવા મુવાડા, તા.કપડવંજ,જી.ખેડા,

(૩) જતન યોગેશભાઈ ઉર્ફે બચ્ચન શાંતીલાલ પટેલ,
ઉ.વ.૧૯,ધંધો.અભ્યાસ,
રહે. નવા મુવાડા,તા.કપડવંજ,જી.ખેડા,

(૪) કિંજલકુમાર હરેશભાઈ પટેલ ,
ઉ.વ.૩૭,ધંધો.વેપારી,
રહે. નવા મુવાડા, તા.કપડવંજ,જી.ખેડા,

(૫) અવિનાશ સોમાભાઈ વસાવા,
ઉ.વ.૨૫,ધંધો.નોકરી,
રહે. સોનીપુરા, તા.કપડવંજ,જી.ખેડા,

**ગુનો :-<u>ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ -૭૫(૧)(૧), ૧૩૧, ૧૧૫(૨), ૩૨૪(૨), ૫૪, મુજબ.</u>**

---

**-: <u>કમીટલ હુકમ</u> :-**

**(૧)** આ કામે બનાવની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૦૪/૧૦/૨૦૨૪ નારોજ સાંજના કલાક.૧૭:૧૫ વાગ્યા ના સુમારે મોજે.ડાકોર બસ સ્ટશનમાં આરોપી નં.૧ નાઓએ ફરીયાદી

( જે.પી.પ્રજાપતિ )
**UIC No.01608**

ડાકોર બસ સ્ટેન્ડમાં આણંદ ગાંધીનગર બસમાં બેસવા જતાં હતા તે વખતે આરોપી નં.૧નાઓને ફરીયાદીને પાછળથી ધકકો મારી તેના હાથથી ફરીયાદીની જમણી બાજુની છાતી દબાવી ફરીયાદીની છેડતી કરી ફરીયાદીને ગાલ ઉપર થપ્પડ મારી તેમજ લાડવેલ ચોકડીથી આગળ ભાગ્યોદય હોટલ નજીક ફરીયાદીના સાહેદ મીરાન સાથે બોલાચાલી અને જપાજપી કરી તેમજ આરોપી નં.૨,૩,૪ નાઓ તેઓની એ **i-20** ગાડી નં.**GJ.06.HS.4200** ની લઈ આવી સાવલી ગામ નજીક ત્રણેય આરોપીઓએ ફરીયાદીની ગાડી નંબર **GJ.01.KC.1946** ઉપર હુમલો કરી આરોપી નં.૨ નાઓએ લાકડાનો દંડો ફરીયાદીની ગાડી ઉપર મારી તેમજ આરોપી નં.૫ નાઓએ કપડવંજ બીગ માર્ટ, કોલેઝ રોડ પાસે લાકડાનો દંડો ફરીયાદીની ગાડીના ડ્રાઈવર સાઈડના સાઈડ ગ્લાસ ઉપર મારી ફરીયાદીની ગાડીને નુકશાન કરી તમામ આરોપીએ ગુનો કર્યો, **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ–૭૫(૧)(૧),૧૩૧,૧૧૫(૨), ૩૨૪ (૨), ૫૪, ,** મુજબ ગુનો કરેલ તે અંગેની ફરીયાદ ફરીયાદીએ ડાકોર પોલીસ સ્ટેશનમાં આપતા તપાસના અંતે હાલના આરોપી ઉપર સદર ગુનાનુ ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આ કામના આરોપી કોર્ટ રૂબરૂ હાજર થતા આરોપીને બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૨૩૦ (ક્રિ.પ્રો. કોડ.કલમ–૨૦૭) મુજબ પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે પુરી પાડવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ સદર કામે આરોપીનુ નિવેદન નોંધવામાં આવતા તેઓએ નિવદેનમાં પોતે બચાવ માટે ખાનગી વકીલ રોકવા માંગતા હોવાનું જણાવે છે. આમ, આરોપી સામે **ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ ની કલમ –૭૫(૧)(૧), ૧૩૧, ૧૧૫(૨), ૩૨૪ (૨), ૫૪,** મુજબના ગુનાનો

ગંભીર આરોપ છે અને તે ગુનાની સજાની જોગવાઈ ધ્યાને લેતા તેમજ આરોપી સામેનો કેસ ચલાવવાની સત્તા અને હકુમત નામદાર સેશન્સ અદાલતને છે, જેથી આરોપી સામેનો કેસ બી. એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૨૩૨ ની જોગવાઈ મુજબ નામદાર સેશન્સ અદાલતમાં કમીટ કરવો જરૂરી જણાય છે જેથી નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

(૧) આરોપી સામેનો સદર કેસ (ક્રિ.પ્રો.કોડની કલમ–૨૦૯) બી. એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ–૨૩૨ મુજબ નામદાર સેશન્સ અદાલત, નડીયાદ ને કમીટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કેસનું તમામ રેકર્ડ તથા મુદ્દામાલ નામદાર સેશન્સ કોર્ટ, નડીયાદ તરફ મોકલી આપવુ.

(૩) આ કેસ કમીટ કર્યા અંગેની જાણ કરતી નોટીસ જિલ્લા સરકારી વકીલશ્રીને કરવી.

હુકમ આજરોજ તારીખ–૨૧ 'મી માહે.મે, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**સ્થળ :** ડાકોર
**તા.** ૨૧ /૦૫/૨૦૨૬

**(જે.પી.પ્રજાપતિ)**
જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
**ડાકોર Code No.GJ01608**

( જે.પી.પ્રજાપતિ )
**UIC No.01608**